Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor:3.021 website: www.researchguru.net
Volume-11,Issue-4,March-2018

# ‘બોલીએ ના કંઈ’ વિષેનું પ્રેરક ગીત

**પટેલ ધ્રુવિનકુમાર રમણભાઈ**

૨૦૩૫, યોગેશ્વરનગર સોસાયટી,

ગુ.હા.બોર્ડ, કનકપુર, કનસાડ, સચીન(સૂરત),તા : ચોર્યાસી

જિ : સુરત , પિન : ૩૯૪૨૩૦, મો.૯૪૨૯૮ ૮૫૧૦૦

બોલીએ ના કંઈ

આપણું હૃદય ખોલીએ ના કંઈ, વેણને રે’વું ચૂપ

નેણ ભરીને જોઇ લે, વીરા !

વ્હેણનાં પાણી ઝીલનારું તે સાગર છે વા કૂપ ...બો ૦

વન વેરાને મારગ વિજન,

સીમ જ્યાં સૂની ગુંજતી કેવળ આપણું ગાયું ગાન ;

ગામને આરે હોય બહુ જન,

લખનો મેળો મળીઓ રે ત્યાં કોણને કોની નાત ?

માનમાં જવું એકલ વીરા !

તારલિયો અંધાર કે ઓઢી રણનો દારુણ ધૂપ...બો ૦

આપણી વ્યથા,

અવરને મન રસની કથા, ઈતર ના કંઈ તથા

જીરવી એને જાણીએ, વીરા !

પ્રાણમાં જલન હોય ને તો યે ધારીએ શીતલરૂપ...બો ૦

(‘સંકલિત કવિતા’,પૃ.૨૧૪) રાજેન્દ્ર શાહ

રાજેન્દ્ર શાહ અનુગાંધીયુગના પ્રથમ પંક્તિના સિદ્ધિ શિખર સમા સારસ્વત કવિ છે. સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી કવિતાને સૌંદર્યલક્ષી વળાંક આપનાર રાજેન્દ્ર શાહની કાવ્યધારા શુભ્ર રેખા જેવી દેદીપ્યમાન થઇ વિવિધરંગી પ્રવાહ વચ્ચે એક નોખી આભા પ્રગટાવે છે. ઈ .સ . ૧૯૫૧માં ‘ ધ્વનિ’ થી ઈ .સ . ૨૦૦૪માં ‘આ ગગન’ સુધીના એમના પંદરથી વધુ કાવ્યસંગ્રહોમાં એક શ્રેયસ્કર કવિની પ્રતિભાની પ્રતિષ્ઠા કરે તેવી સ્વરૂપવૈવિધ્ય અને ચિરંતન દાર્શનિક અભિવ્યક્તિની વિશિષ્ટ ઉન્મેષો સભર રચનાનું સાતત્ય પ્રત્યક્ષ થાય છે. તેમની કવિતા સ્થૂળ અનુભવોના સ્તરેથી ઊર્ધ્વ ગતિ કરતી ચેતનાની કોઈ અલૌકિક પાયરી રચે છે. જીવનદર્શનનાં સીધાંસાદાં પણ ચિંતનભર્યા વિષયને સંપ્રજ્ન્ય કરતી ‘બોલીએ ના કંઈ’ એ રાજેન્દ્ર શાહની વિશિષ્ટ ગીત રચના છે.

‘બોલીએ ના કંઈ’ શીર્ષક છે. આ ‘બોલીએ ના કંઈ’ વાંચતાની સાથે મનમાં કવિ અહીં ન બોલવાનો સંકેત સ્પષ્ટ કરતા જણાય છે કવિ કહે છે –

‘બોલીએ ના કંઈ
આપણું હૃદય ખોલીએ ના કંઈ, વેણને રે’વું ચૂપ
નેણ ભરીને જોઇ લે, વીરા !
વ્હેણનાં પાણી ઝીલનારું તે સાગર છે વા કૂપ’

આ ગીતના સંસ્પર્શથી ભાવોનો ઇન્દ્રિયાનુભવ થાય છે ચિત્ત અને ઇન્દ્રિયો ભાવથી પરિપ્લાવિત થઇ જાય છે. શરૂઆતમાં ‘હૃદય’ ખોલવાની સ્થિતિ કવિ સહજ રીતે પ્રતિપાદિત કરી છે, તો ‘ના’ શબ્દ દ્વારા વિરોધાભાસનું વર્તુળ રચી આપ્યું છે. કવિ જણાવે છે કે ભીતરનો ઊથલો જેની સામે વ્યક્ત કરવાના છે એ વ્યક્તિ યોગ્ય છે કે અયોગ્ય તે વિવેકબુદ્ધિથી પ્રમાણીને હૃદયના દ્વાર ખોલવા જોઈએ. ત્યારબાદની કાવ્યપંક્તિમાં આવતું અલ્પવિરામ એ સૂચિત કથિત જ છે. અહીં, કવિ પંક્તિના છેડે ‘ચૂપ’ શબ્દ મૂકી મૌનની પરિભાષાની ગરિમા પ્રગટ કરે છે. સાગર પોતાની અંદર અનેક સરિતોઓને સમાવી શકે છે, જયારે કૂવામાં વધુ જળને સમાવવાની ક્ષમતા નથી. ટૂંકમાં જેનું હૈયું વિશાળ નથી તેની સામે વીતક કથા કહેવાનો કોઈ મોલ નથી પણ જે વ્યક્તિની સામે તમે જાહેર થાવ છો તે વ્યક્તિને માપી-

પ્રમાણીને જ અભિવ્યકત થવું એ હિતકારક છે. પછીની પંક્તિઓમાં રાજેન્દ્ર શાહ વેધક ધનીભૂત આલેખન તરફ વળે છે.

‘વન વેરાને મારગ વિજન,
સીમ જ્યાં સૂની ગુંજતી કેવળ આપણું ગાયું ગાન ;
ગામને આરે હોય બહુ જન,
લખનો મેળો મળીઓ રે ત્યાં કોણને કોની નાત ?’

‘વન વેરાને મારગ વિજન’ પંક્તિમાં વર્ણાનુપ્રાસ અલંકારનો સુગમ સમન્વય કરી ગીતની પ્રસ્તુતિને લયાત્મકતા બક્ષી છે. કવિ કહે છે કે વેરાન વનમાં માણસના અવરજવર વગરના રસ્તા ઉપર કેવળ સીમમાં આપણે ગાયા ગાનનો ગણગણાટ સંભળાશે પરંતુ જ્યાં ‘લખનો મેળો’ ગામને પાદરે ભરાય છે ત્યાં કોઈ કોઈનો સગો નથી સૌ પોતપોતાની જ કથની કહશે. આવી સ્થિતમાં કવિ સંપ્રજ્ઞાત બની ‘માનમાં જવું એકલવીરા’ કહી ‘સ્વ’ને ઉજાગર કરી આપે છે.

‘માનમાં જવું એકલવીરા !
તારલિયા અંધાર કે ઓઢી રણનો દારુણ ધૂપ...’

રણમાં નિર્દય અગ્નિ વરસતો હોય છતાં તડકો ઓઢીને વ્યથાને કવિ સાંખવા કહે છે. જીવનમાં અનાયાસે આવી પડેલી વિકટ પરીસ્થિતિઓમાં હૈયામાં હામ રાખી મુશ્કેલીઓનો સ્વીકાર કરવો એ ઇષ્ટ છે.

‘આપણી વ્યથા,
અવરને મન રસની કથા, ઈતર ના કંઈ તથા’

કવિ કહે છે કે હૃદયના સંપુટમાં સાચવેલી આપણી વ્યથા એ બીજાને મન રસની કથા છે. સાંકડું મન ધરાવતાં લોકો આપણું દુઃખ જાણીને અંદરોઅંદર રાજીપો અનુભવે છે એ સિવાયનો અન્ય કોઈ સબબ નહીં હોય. વાર્તાકાર ધૂમકેતુના શબ્દોમાં કહીએ તો... ‘મનુષ્ય પોતાની દૃષ્ટિ છોડી બીજાની દૃષ્ટિથી જુએ તો અરધું જગત શાંત થઇ જાય.’[૧] પણ તે ભાવ

કહેણા પુરતો સીમિત થઈ ગયો છે. એ સ્થિતમાં નિજ દુઃખને કોઈને કહ્યાં વગર નિજાનંદથી જીવવું એ જ યોગ્ય છે. આથી કવિ કહે છે...'જીરવી એને જાણીએ, વીરા !'

'પ્રાણમાં જલન હોય ને તો યે  ધારીએ શીતલરૂપ'

અંતિમ પંક્તિમાં કવિ રાજેન્દ્ર શાહની કવિત્વ શક્તિનો  એક ચેતોહર આવિષ્કાર થયો છે. આ ગીતનાં સંદર્ભમાં સંયોજનની રીતિ વિશેષ નોંધપાત્ર છે. પંક્તિને છેડે આવતો 'ચૂપ', 'કૂપ', 'ધૂપ', અને 'રૂપ'  શબ્દનો સરસ પ્રાસ મળે છે. 'વન વેરાને મારગ વિજન.... તારલિયો અંધાર કે ઓઢી રણનો દારુણ  ધૂપ'ની પંક્તિ ઠીક ઠીક લાંબી છે. એમાં પ્રાસની જે જગ્યાએ અપેક્ષા જાગે છે તે ઘણાં પાછળનાં સ્થાને આવે છે છતાં વિલંબિત થયેલો પ્રાસ અસરકારક બની રહે છે. કાવ્યમાં પ્રયોજાયેલો 'વીરા' શબ્દ અટલ નિરાશામાં ગરકાવ થયેલા જીવને શૂરવીરતા પ્રદાન કરતું સંબોધન રૂપ છે.

મનુષ્ય જીવન અસંગત અને અસ્પષ્ટ નાઉમેદોના ભંડારોથી ભરાયેલું હોય છે પણ નિરાશાના વાદળોની મધ્યમાં એક આશા રૂપી તારો પોતાના તેજથી પેલી નિરાશાઓથી અલિપ્ત કરે છે. આવા દુઃખોની સામે ખમીરથી ઝઝૂમવાનો નિર્દેશ કરતું ઉપદેશાત્મક ગીત છે. જેમાં ગહનતામાં નિમગ્ન થતાં થતાં વ્યાપક દૃષ્ટિએ પોતાને પામવાની ઝંખના પ્રબળ છે. ચંદ્રકાન્ત શેઠનાં શબ્દોમાં કહીએ તો... 'જ્યાં સભરતાને શૂન્યતા એકાકાર લાગે છે ; જ્યાં 'નેતિ' 'નેતિ' કહેતાં મૌનમાં સરવાની ફરજ પડે છે એ લક્ષ્યબિંદુ તરફ – 'અલક્ષ્ય' તરફ ધસતી એમની શબ્દ ગતિ છે.'[૨]

આમ, કવિની મર્મગામી સર્જકતાનો સંતર્પક અનુભવ કરાવતું 'બોલીએ ના કંઈ' ગીત રાજેન્દ્ર શાહની સર્ગ શક્તિનો લાક્ષણિક આવિષ્કાર છે.

નોંધટીપ  :

૧) તણખા મંડળ ૧ લું, લે. ધૂમકેતુ, પૃ.૧૪

૨) સારસ્વત વંદના, ચંદ્રકાન્ત શેઠ, પૃ.૯૪

સંદર્ભગ્રંથો :

૧. અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ, ડૉ. બહેચરભાઈ પટેલ, પ્ર. આ.- ૧૯૯૪

૨. આધુનિક કવિતા પ્રવાહ, જયંત પાઠક, પ્ર.આ.- ૨૦૦૭

૩. કવિતાનું રસાસ્વાદન, હેમંત દેસાઈ, પ્ર.આ.-૧૯૯૧

૪. સંદર્ભ સાહિત્યશ્રેણી, નટુભાઈ ઠક્કર (અન્ય), પ્ર.આ.-૧૯૯૯